**સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૦૮/૨૦૨૧**
**આંક –૬૫**

| | | |
|---|---|---|
| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૦૮/૨૦૨૧ | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૯ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | શાંતાબેન કીશનભાઈ શ્રીમાળી | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | – |
| ઉંમર આશરે | ૬૦ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | બુકોલી, તા. કાંકરેજ | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી |

(૧) હું બુકોલી ગામે ખેતી કરુ છું. મારે સંતાનમાં બે દિકરા અને ચાર દિકરીઓ છે. મારા પતિ ગુજરી ગયેલ છે. મારા મોટા દિકરાનું નામ હરેશભાઈ છે અને તેનાથી નાના દિકરાનું નામ કલ્પેશભાઈ છે અને સૌથી મોટી દિકરીનું નામ સંગીતાબેન છે અને તેનાથી નાની ઈન્દુબેન અને તેનાથી નાની આશાબેન અને સૌથી નાની લક્ષ્મીબેન છે.

(૨) બનાવ તા.૯/૧૨/૨૦ના રોજ બનેલો. તે દિવસે હું તથા મારી દિકરી લક્ષ્મીબેન તથા મારા દિયર રામજીભાઈ અમો ઢોરોને નાંખવા માટે રજકો વાઢવા માટે ખેતરે ગયેલા. તે દરમિયાન કરમશીભાઈ ખેંગારભાઈ રબારીના ખેતરમાં રીંગબોર આવેલી હતી. હું તેમને પુછવા માટે ગયેલી તો તેમણે મા બેન સામી ગાળો બોલી અને જાતી અપમાનીત શબ્દો ઢેઢા સાલા ગરોડા અહીથી બહાર નીકળી જા નહીતર તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપેલી તથા મને કમળાબને કરમશીભાઈ તથા કરમશીભાઈ ખેગારભાઈએ ગડદાપાટુનો માર મારેલો અને ત્યારબાદ મારા દિયર રામજીભાઈ મારી લક્ષ્મીબેન આવીને મને વધુ મારમાંથી છોડાવેલ. ત્યારબાદ મને મારા દિયર રામજીભાઈ

સાહેદની સહી.............................

તથા મારી દીકરી લક્ષ્મીબેન મને ખેતરમાંથી ઘરે લાવી રીક્ષામાં સરકારી દવાખાને શિહોરી લઈ ગયેલા. ત્યારબાદ મારા દિયર રામજીભાઈએ મારા દિકરાને હરેશને ફોન કરી બોલાવેલ. ત્યારબાદ મે બનાવની વાત કરેલી ત્યારબાદ મારા દિયર રામજીભાઈએ પોલીસ સ્ટેશને બનાવની ફરીયાદ આપેલી. આ ઝઘડો અમારી ખેતરની જમીનમાં આરોપીઓ રીંગબોર બનાવતા હોય તે બાબતે થયેલો. અમારી જમીન બાબતે કોર્ટમાં વિવાદ અરજીઓ ચાલુ છે. બનાવ સબંધે પોલીસે મારુ નિવેદન લીધેલું. મારા ગામના હોવાથી હું તેમને ઓળખુ છું. બચાવપક્ષે આરોપીઓની ગેરહાજરી માફી રીપોર્ટ તેમના વિ.વ.શ્રી. એ આપેલ હોય જેથી ઓળખ અંગે કોઈ તકરાર નથી.

**<u>સરતપાર પુરી...</u>**

**<u>આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી. એમ.એલ.દેસાઈ..</u>**

(૩) હું આઠ ધોરણ સુધી ભણેલી છું. મારે સંતાનમાં બે દિકરા છે જેમાં સૌથી મોટો હરેશ જી.આર.ડી.માં નોકરી કરે છે અને તેની નોકરી શિહોરી પો.સ્ટે.માં છે. મને એ વાતની ખબર નથી કે મારા દાદા સસરા લલુભાઈ ખેમાભાઈ વિગેરેનાઓએ ૯ એકર અને ૮ ગુઠા રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી આરોપીના પિતા ખેંગારભાઈ વિહાભાઈને આપેલી. એ વાતની મને ખબર નથી કે જમીન વેચાણ આપ્યા પછી શરત ભંગ થયેલી અને આ શરતભંગનો કેસ નામ.હાઈકોર્ટમાં પેન્ડીંગ છે. એ વાત ખરી છે કે આરોપીના કબજા હેઠળની ૯ એકર અને ૮ ગુઠા અને અમારા કબજા હેઠળની ૯ એકર અને ૮ ગુઠા જમીન તમામ જમીન શરતભંગ થયેલી. એ વાતની મને ખબર નથી કે અમારી જમીન શરતભંગ થયેલી તેનો કેસ નામ.હાઈકોર્ટમાં ચાલે છે કે કેમ. રામજીભાઈ નાગરભાઈ મારા દિયર થાય છે. એ વાત ખરી નથી કે આરોપી તેમના ખેતરમાં રીંગબોર લઈને આવેલા.

સાહેદની સહી.............................

એ વાતની મને ખબર નથી કે તા. ૨૩–૦૯–૨૦૦૪ ના રોજ મારા દિયર ધીરજભાઈ બબાભાઈએ આ કામના આરોપી અને આરોપીના પિતા પર એટ્રોસીટીની ફરીયાદ કરેલ હતી. એ વાતની મને ખબર નથી કે મારા કાકા સસરા બબાભાઈ લલ્લુભાઈએ આ કામના આરોપી તેમજ તેમના પિતા તેમજ તેમના સંબંધીઓ ઉપર તા.૦૨–૧૦–૧૯૯૬ ના રોજ એટ્રોસીટીની ફરીયાદ કરેલી. એ વાતની મને ખબર નથી કે મારા પતિ કિશનભાઈ એ આ કામના આરોપી, તેમના પિતા, તેમની બહેન ઉપર તા.૩૧–૦૮–૧૯૯૭ ના રોજ એટ્રોસીટીની ફરીયાદ દાખલ કરેલી. એ વાતની મને ખબર નથી કે મારા પતિએ તા. ૦૩–૦૮–૧૯૯૯ ના રોજ આ કામના આરોપી, તેમજ તેમના પિતા તેમજ કુટુંબી પર એટ્રોસીટીની ફરીયાદ દાખલ કરેલી. એ વાતની મને ખબર નથી કે મારા દિકરો કિશનભાઈએ આ કામના આરોપી તેમજ તેમના કુટુબી પર તા.૧૫–૧૦–૨૦૨૪ ના એટ્રોસીટી ની ફરીયાદ દાખલ કરેલી. એ વાત ખરી છે કે મારો દિકરો કિશનભાઈએ આ કામના આરોપી તેમજ તેમના કુટુબી પર તા.૧૫–૦૨–૨૦૨૪ ના એટ્રોસીટી ની ફરીયાદ દાખલ કરેલી. એ વાત ખરી નથી કે આરોપીની જમીન પડાવી લેવા માટે એટ્રોસીટીના કેસો કરેલ છે. આ રીંગ એક જ વ્યકિત ચલાવતા હતા તેને અમે ઓળખતા નથી. અમો બનાવ પછી ખેતરે ગયા હોય અને રીંગ ચાલુ હોય અને મે જોયેલ હોય તેના જવાબમાં જણાવુ છુ કે હું દવાખાનામાં હતી. એ વાત ખરી નથી કે એ રીંગથી બોર બનાવેલો અને તે હાલ ચાલુ છે. એ વાત ખરી છે કે જી.આર.ડી.માં નોકરીમાં કરતા મારા દિકરા હરેશભાઈને મારા દિયરે બોલાવેલ અને સાથે લઈ જઈને ફરીયાદ આપેલી. મને દવાખાને બનાવ બન્યા પછી તરત જ લઈ ગયેલા. દવાખાના પહોચ્યા પછી કેટલા વાગે ફરીયાદ આપી તેનો મને અનુભવ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓએ મને કોઈ ધમકી આપેલ નથી કે જાતી અપમાનીત શબ્દો બોલેલા નથી કે કોઈ ગડદાપાટુનો માર મારેલ નથી.

સાહેદની સહી............................

એ વાત ખરી નથી કે ફરીયાદી મારા દિયર થતા હોય તેમની ફરીયાદને સમર્થન આપવા સોગંધ પર ખોટી જુબાની આપુ છું. એ વાતની મને ખબર નથી કે આરોપીઓ પાસેથી સદર હું વિવાદીત જમીનનો કબજો ખાલી કરવા માટે લેન્ડગ્રેબીંગની અરજી દાખલ કરેલી અને તે અરજી કલેકટર સાહેબે ફાઈલે કરી કે તેની મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે શિહોરીના મામલતદારશ્રીએ આરોપીઓ તેમજ અમારી નવ એકર આઠ ગુઠા જમીન કબજો ખાલી કરવવા માટે નોટીસ આપેલી. એ વાતની મને ખબર નથી કે આરોપીની નવ એકર આઠ ગુઠા જમીન અને અમારી નવ એકર આઠ ગુઠા જમીન નામ.હાઈકોર્ટના કેસનો નિકાલ ન આવે ત્યાં સુધી કબજામાં કોઈએ હરકત કરવી નહી. એ વાત ખરી નથી કે હું સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું. બનાવ બન્યા બાદ પોલીસ બીજા દિવસે આવેલી.

**વિશેષ ઉલટતપાસ નથી..**

**ફેર ઉલટતપાસ નથી..**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૭/૦૧/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>સ્પે.જજ એટ્રો, ડીસા |

સાહેદની સહી.............................